# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થશે.

2) રાષ્ટ્રીય હાથવણાટ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરાશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એમ.એસ. સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

4) ઉત્તરાખંડમાં નાગરિકોને બાચવવા માટે રાહત અને બચાવકાગીરી પૂરજોશમાં.

5) ચૂંટણી પંચે ફરી એકવાર રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવને બે મતદાર ઓળખ કાર્ડ અંગે નોટિસ ફટકારી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VP ELECTION

ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિધ્ધ થશે. ઉમેદવારો 21મી ઓગષ્ટ સુધી ઉમેદવારી પત્ર ભરી શકશે. આગામી નવમી સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાશે..

# PREZ-HANDLOOM DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં 11મા રાષ્ટ્રીય હાથવણાટ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. કાપડ મંત્રાલય દ્વારા આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતના જીવંત હાથવણાટ ક્ષેત્ર અને દેશના ગ્રામીણ અર્થતંત્ર અને સાંસ્કૃતિક ઓળખમાં તેના યોગદાનનું સન્માન કરવાનો છે. દેશભરમાંથી આશરે 650 વણકરો, વિદેશી ખરીદદારો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, નિકાસકારો અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ.......

**(વોઇસ કાસ્ટ – કૌશિક)**

# PM-CENTENARY-CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ PUSA ખાતે એમ.એસ. સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, શ્રી મોદી સભાને સંબોધિત કરશે અને પ્રથમ એમ.એસ. સ્વામિનાથન પુરસ્કાર પણ એનાયત કરશે.

અમારા સંવાદદાતા તરફથી વધુ:

[V/C-AMAN]

# UTTARAKHAND RESCUE

ઉત્તરાખંડના ધરાલી સહીતના વિસ્તારોમાં કુદરતી આપત્તિને કારણે સ્થિતિ વિકટ બની છે. ત્યારે અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુધ્ધના ધોરણે થઇ રહી હોવાનું મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું હતું.

(બાઇટ: પુષ્કરસિંહ ધામી)

ગઇકાલે અસરગ્રસ્ત વિસ્તારોની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી હતી. તેમજ અસરગ્રસ્ત લોકો સાથે પણ વાતચિત કરીને સ્થિતિ ઝડપથી સામાન્ય થવાનું આશ્વાસન આપ્યું હતું.

# UTTARAKHAND - KAILASH MANSAROVAR

કૈલાશ-માનસરોવર યાત્રાળુઓના ચોથા જૂથને ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં ધારચુલા બેઝ કેમ્પમાં રોકવામાં આવ્યું છે. ખરાબ હવામાનને કારણે ઊંચાઈવાળા સ્થળે જવાના રસ્તા પર પથ્થરો અને કાટમાળ પડેલો હોવાને કારણે યાત્રાળુઓને રોકી દેવામાં આવ્યાં છે. રોકી દેવાયેલા આ જૂથમાં દેશના વિવિધ ભાગોમાંથી 14 મહિલાઓ સહિત 48 યાત્રાળુનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત કૈલાશ માનસરોવર યાત્રા જૂનમાં શરૂ થઈ હતી અને ઓગસ્ટમાં સમાપ્ત થશે.

# LS-RAILWAYS

આ વર્ષે માર્ચ મહિના સુધીમાં 41 હજાર 676 કરોડ રૂપિયાના ખર્ચે પૂર્વોત્તર ક્ષેત્રમાં કુલ 278 કિલોમીટર રેલ્વે લાઇન શરૂ કરાઈ છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી. તેમણે કહ્યું, પૂર્વોતર ક્ષેત્રમાં સ્થિત રેલ નેટવર્કની લાઇન ક્ષમતા વધારવા કુલ 777 કિલોમીટર લંબાઈના 12 રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

**તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન હેઠળ ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં કુલ એક હજાર 790 કિલોમીટર લંબાઈની 13 નવી લાઇન અને ચાર લાઇનનું ડબલિંગનું કામ મંજૂર કરાયું છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# EC - TEJASHWI NOTICE

**ચૂંટણી પંચે ફરી એકવાર રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવને તેમના બે મતદાર ઓળખ કાર્ડ અંગે નોટિસ ફટકારી છે. પંચે તેજસ્વી યાદવ દ્વારા 2જી ઓગસ્ટે મીડિયા સમક્ષ પ્રદર્શિત કરાયેલા મતદાર ઓળખ કાર્ડ (EPIC) વિશે વિગતો માંગી છે. તેમની પાસે બે EPIC (મતદાતા ફોટો ઓળખ કાર્ડ) કાર્ડ હોવાનો આરોપ છે.**

બિહાર વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શ્રી યાદવે પટણામાં એક પત્રકાર પરિષદ દરમિયાન પત્રકારોને તેમનું મતદાર ઓળખ કાર્ડ બતાવ્યું હતું. આ મામલે, પંચે જણાવ્યું કે, બતાવેલ કાર્ડ ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવ્યું નથી. દિઘા વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારી (ERO)એ અગાઉ 3 ઓગસ્ટે શ્રી યાદવને એક પત્ર મોકલીને ચકાસણી માટે સંબંધિત વિગતો સાથે મૂળ EPIC કાર્ડ સબમિટ કરવા જણાવ્યું હતું. જોકે, અત્યાર સુધી કોઈ જવાબ મળ્યો નથી.

દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળે આરોપ લગાવ્યો છે કે ચૂંટણી પંચ ભાજપના ઇશારે આવા મુદ્દાઓ ઉઠાવી રહ્યું છે.

# KERALA - ILLEGAL FISHING

તિરુવનંતપુરમમાં, કેરળના મત્સ્યઉદ્યોગ મંત્રી સાજી ચેરિયાને જણાવ્યું છે કે ગેરકાયદેસર માછીમારી પ્રવૃત્તિઓને દંડ કરવામાં કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કેરળના દરિયાકાંઠે નાની જાળીનો ઉપયોગ કરતી માછીમારી બોટોને કડક સજા કરાશે, કારણ કે આવી પ્રવૃતિ દરિયાઈ જીવસૃષ્ટિ માટે ગંભીર ખતરો છે. તેમણે ઉમેર્યું હતું કે નાની માછલીઓને આડેધડ પકડવી એ એકંદર માછલીની વસ્તીમાં ઘટાડો થવાનું મુખ્ય પરિબળ છે.

# BRAZIL-TRUMP TARIFF

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વધારા સામે ભારત સહિત બ્રિક્સ દેશોને એકત્ર થવાની હાકલ કરી છે. એક સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં, લુલાએ ટ્રમ્પના ટેરિફ પરના દબાણની ટીકા કરીને ચેતવણી આપી છે કે નાની અર્થવ્યવસ્થાઓ પાસે ફક્ત બહુ સિમિત લાભ છે.

હાલમાં બ્રાઝિલ બ્રિક્સનું પ્રમુખપદ સંભાળી રહ્યું છે, લુલાએ કહ્યું કે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કરશે જ્યારે ચીનના શી જિનપિંગ અને અન્ય બ્રિક્સ નેતાઓ સાથે ચર્ચા કરશે.

# WORLD GAMES 2025

18 સભ્યોની ભારતીય ટીમ 17 ઓગસ્ટ સુધી ચીનના ચેંગડુમાં યોજાનારી વર્લ્ડ ગેમ્સ 2025માં ભાગ લેવા માટે તૈયાર છે. 1981થી દર ચાર વર્ષે યોજાતી વર્લ્ડ ગેમ્સમાં ઓલિમ્પિક કાર્યક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી રમતોનો સમાવેશ થાય છે. આ વર્ષની આવૃત્તિમાં 34 રમતો અને 60 શાખાઓમાં 253 મેડલ ઇવેન્ટ્સ હશે.

1981માં શરૂઆતની આવૃત્તિથી ભારત વર્લ્ડ ગેમ્સમાં ભાગ લઈ રહ્યું છે અને અત્યાર સુધીમાં કુલ પાંચ મેડલ જીત્યા છે જેમાં એક ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. દેશનો એકમાત્ર ગોલ્ડ મેડલ 2013માં આવ્યો હતો, જ્યારે આદિત્ય મહેતાએ બિલિયર્ડ્સમાં વિજય મેળવ્યો હતો.

આ વખતે ભારત તીરંદાજી, બિલિયર્ડ્સ, રોલર સ્કેટિંગ, વુશુ અને રેકેટબોલ મળીને પાંચ સ્પર્ધાઓમાં વિજયના વિશ્વાસ સાથે ભાગ લેશે.

# FOOTBALL - ASIAN CUP 2026 QUALIFIERS

ફૂટબોલમાં, ભારતની અંડર-20 મહિલા ટીમ અને ઇન્ડોનેશિયાની ટીમ વચ્ચેની મેચ ડ્રો ગઇ હતી. ગઈકાલે મ્યાનમારના યાંગોનના થુવુન્ના સ્ટેડિયમ ખાતે AFC અંડર-20 મહિલા એશિયન કપ 2026 ક્વોલિફાયર્સના ગ્રુપ D મેચમાં બંને ટીમ તરફથી એક પણ ગોલ કરાયો ન હતો.

મેચ ડ્રો જવાના કારણે ભારતને એક પોઈન્ટ મળ્યો હતો, જ્યારે ગ્રુપ લીડર મ્યાનમારને દિવસની શરૂઆતમાં તુર્કમેનિસ્તાન સામે 6-1થી જીત મેળવીને ત્રણ પોઈન્ટ મળ્યા હતા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

1) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે ભારત પર લાદેલા ટેરિફના સમાચારને મોટાભાગના અખબારોએ મુખ્યશીર્ષક બનાવ્યું છે.

2) સંદેશ લખે છે ભારત પર વધુ 25 ટકા સાથે કુલ 50 ટકા ટેરિફ. જ્યારે ગુજરાત સમાચાર લખે છે ટ્રમ્પનું ટેરરિઝમ: ભારત પર વધુ 25 ટકાનો ટેરિફ બોમ્બ

3) નવગુજરાત સમય, દિવ્ય ભાસ્કર, ફૂલછાબ સહિતના અખબારો આ સમાચારને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

4) બિહારમાં વિશેષ સઘન સમીક્ષા અંગે સર્વોચ્ચ અદાલતે કરેલા આદેશના સમાચારને સંદેશ અને નવગુજરાત સમયે પ્રથમ પાને સ્થાન આપ્યું છે

5) સંદેશ લખે છે બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી કમી થયેલા 65 લાખ મતદારની વિગત આપો.

6) રાજ્યમાં 50 લાખ ઘરો, જાહેર સ્થળોએ તિરંગા ફરકાવવા અંગેના સમાચારને સંદેશે છેલ્લા પાને સ્થાન આપ્યું છે

7) નવગુજરાત સમય છેલ્લા પાને લખે છે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવનારા પ્રવાસીઓ માટે નિવાસ, વિકાસની કામગીરી ઝડપી બનાવાશે

8) જિકાસ આધારિત વિશેષ તબક્કા અંગે દિવ્ય ભાસ્કર લખે છે વિદ્યાર્થીઓ આજથી 10મી સુધી નોંધણી કરાવી શકશે